Friday
20.03.2026
*Volume :10 * Issue No.252
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યસભાના નિવૃત્ત થતા સભ્યોને સંબોધિત કર્યા

રાજકારણમાં કોઈ પૂર્ણવિરામ હોતા નથી; તમારો અનુભવ અને યોગદાન રાષ્ટ્રના જીવનનો કાયમ હિસ્સો રહેશેઃ પ્રધાનમંત્રી

- સમાજ દ્વારા આપવામાં આવેલી જવાબદારીઓ પ્રત્યે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ રહેવા વિશે આ વરિષ્ઠ નેતાઓ પાસેથી ઘણું શીખવા જેવું છે
- અહીંનો વારસો એક સતત ચાલતી પ્રક્રિયા છે જે આપણી સંસદીય પ્રણાલીને સમૃદ્ધ બનાવે છે
- સંસદીય પ્રણાલી 'સેકન્ડ ઓપિનિયન' (બીજા અભિપ્રાય)ના ખ્યાલથી અપાર શક્તિ મેળવે છે; આ બીજો અભિપ્રાય આપણી લોકશાહીમાં એક મોટું યોગદાન છે જેનું આપણે જતન કરવું જોઈએ
- અહીં વિતાવેલા છ વર્ષ રાષ્ટ્ર પ્રત્યેના યોગદાનને આકાર આપવા અને સ્વ-વિકાસ માટે અમૂલ્ય છે
- નિવૃત્ત થતા સભ્યોનું રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાન સતત અનુભવાતું રહેશે, પછી ભલે તેઓ ઔપચારિક પ્રણાલીમાં સેવા આપે અથવા સ્વતંત્ર સામાજિક કાર્ય દ્વારા.

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં વક્તવ્ય આપ્યું હતું. નિવૃત્ત થઈ રહેલા સાથીદારોનું સન્માન કરવાની તક બદલ હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આવા પ્રસંગો ગૃહને પક્ષપાતી રાજકારણથી ઉપર ઉઠવાની અને સમાન ભાવના વહેંચવાની તક આપે છે. પીએમ મોદીએ ટિપ્પણી કરી હતી કે સભ્યો પાછા ફરે કે વ્યાપક સામાજિક સેવામાં જોડાય, તેમનો સંચિત અનુભવ રાષ્ટ્ર માટે સંપત્તિ બની રહેશે. તેમણે અવલોકન કર્યું કે રાજકારણના ગતિશીલ ક્ષેત્રમાં, મુસાફરીનો ક્યારેય સાચો અંત આવતો નથી કારણ કે ભવિષ્ય હંમેશા અનુભવી નેતાઓ માટે નવી તકો ધરાવે છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "રાજકારણમાં કોઈ પૂર્ણવિરામ હોતા નથી; તમારો અનુભવ અને યોગદાન રાષ્ટ્રના જીવનનો કાયમ હિસ્સો રહેશે." નિવૃત્ત થતા સભ્યોના શ્રેષ્ઠ યોગદાન પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ સૂચવ્યું કે સાંસદોની નવી પેઢીએ શ્રી દેવગૌડા, શ્રી ખડગે અને શ્રી શરદ પવાર જેવા દિગ્ગજ નેતાઓને રોલ મોડેલ તરીકે જોવા જોઈએ. તેમણે ડેપ્યુટી ચેરમેન હરિવંશ જીના મૃદુ વ્યવહાર અને જટિલ કટોકટીઓ સંભાળતી વખતે ગૃહનો વિશ્વાસ જાળવી રાખવાની તેમની ક્ષમતાના વખાણ કર્યા હતા. શ્રી મોદીએ ધ્યાન દોર્યું હતું કે આવી સમર્પિત સેવા સમાજ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીઓ પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, "સમાજ દ્વારા આપવામાં આવેલી જવાબદારીઓ પ્રત્યે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ રહેવા વિશે આ વરિષ્ઠ નેતાઓ પાસેથી ઘણું શીખવા જેવું છે." ગૃહની બદલાતી પરંપરાઓ પર વિચાર કરતા, પીએમ મોદીએ ટિપ્પણી કરી કે ૨૪૮૭ મીડિયા વાતાવરણને કારણે દરેક વ્યક્તિ વધુ સભાન બની છે, તેમ છતાં રમૂજ અને વિનોદનો વારસો સંસદીય જીવનનો આવશ્યક ભાગ છે.

તેમણે હાઈલાઈટ કર્યું કે દર બે વર્ષે એક જૂથની વિદાય જ્ઞાનના સતત વિનિમયની મંજૂરી આપે છે, જે સુનિશ્ચિત કરે છે કે ગૃહનો સમૃદ્ધ વારસો આવનારા સભ્યો દ્વારા જાળવવામાં આવે. શ્રી મોદીએ અવલોકન કર્યું કે આ સંસ્થાકીય સાતત્ય એક નોંધપાત્ર ફાયદો છે જે લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, "અહીંનો વારસો એક સતત ચાલતી પ્રક્રિયા છે જે આપણી સંસદીય પ્રણાલીને સમૃદ્ધ બનાવે છે." રાજ્યસભાના અનન્ય સંસ્થાકીય મૂલ્ય પર પ્રકાશ પાડતા, પીએમ મોદીએ ધ્યાન દોર્યું કે સંસદીય પ્રણાલી "સેકન્ડ ઓપિનિયન" (બીજા અભિપ્રાય)ના ખ્યાલથી અપાર શક્તિ મેળવે છે. તેમણે નોંધ્યું કે બે ગૃહો વચ્ચે નિર્ણયોનું સંક્રમણ કાયદાકીય પ્રક્રિયામાં એક નિર્ણાયક નવો આયામ ઉમેરે છે, જે દેશ માટે વધુ શુદ્ધ પરિણામો સુનિશ્ચિત કરે છે. તેમના મતે, આ લોકશાહી વારસો રાષ્ટ્રીય નિર્ણય લેવામાં નિખાલસતા અને સંપૂર્ણતાની ભાવના કેળવે છે. શ્રી મોદીએ કહ્યું, "આ બીજો અભિપ્રાય આપણી લોકશાહીમાં એક મોટું યોગદાન છે જેનું આપણે જતન કરવું જોઈએ." પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે નિવૃત્ત થતી આ ટુકડી તેમના કાર્યકાળ દરમિયાન જૂના અને નવા બંને સંસદ ભવનમાં સેવા આપવાનું દુર્લભ સન્માન ધરાવે છે. તેમણે ટિપ્પણી કરી કે નવા ગૃહમાં ઐતિહાસિક સંક્રમણનો ભાગ બનવું એ તેમની જાહેર સેવા કારકિર્દીમાં એક તાજી અને નોંધપાત્ર યાદગીરી બની રહેશે. શ્રી મોદીએ ગૃહને એક "ગ્રેટ ઓપન યુનિવર્સિટી" તરીકે વર્ણવ્યું જે સભ્યોને રાષ્ટ્રીય જીવનની જટિલતાઓનું અનન્ય શિક્ષણ પૂરું પાડે છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "અહીં વિતાવેલા છ વર્ષ રાષ્ટ્ર પ્રત્યેના યોગદાનને આકાર આપવા અને સ્વ-વિકાસ માટે અમૂલ્ય છે." સંબોધનનું સમાપન કરતા શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સંસદીય અનુભવના વર્ષો દ્વારા સભ્યોની દ્રષ્ટિ અને ક્ષમતામાં અનેકગણો વધારો થયો છે. તેમણે નોંધ્યું હતું કે રાષ્ટ્રનિર્માણમાં તેમનું અમૂલ્ય યોગદાન સતત અનુભવાતું રહેશે, પછી ભલે તેઓ ઔપચારિક પ્રણાલીમાં સેવા આપે અથવા સ્વતંત્ર સામાજિક કાર્ય દ્વારા. પીએમ મોદીએ ફરી એકવાર નિવૃત્ત થતા પ્રતિનિધિઓની લાંબી અને સમર્પિત સેવાની પ્રશંસા કરી અને તેમની પ્રતિબદ્ધતા બદલ આભાર માન્યો. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "હું ફરી એકવાર નિવૃત્ત થતા તમામ સભ્યોના યોગદાનને નમન કરું છું અને તેમની પ્રશંસા કરું છું."

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો એ.આઈ. સેક્ટરના યુવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરતો અનોખો અભિગમ

દેશના વિવિધ રાજ્યોના ઉચ્ચ સંભવિત સ્ટાર્ટ અપ્સ સાથે મુખ્યમંત્રીશ્રીએ પ્રત્યક્ષ સંવાદ કર્યો

શાસનમાં પારદર્શિતા અને નાગરિકોની સુખાકારી માટે AI ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રી

સ્ટાર્ટ અપને AI સોલ્યુશનના પ્રુફ ઓફ કોન્સેપ્ટ (PoC) માટે રાજ્ય સરકાર દ્વારા ફાયનાન્સિયલ સપોર્ટ મોડલની જાહેરાત

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને યુવા સ્ટાર્ટ અપ્સના સ્કેલેબલ અને ઈફેક્ટિવ સોલ્યુશન્સથી વધુ સક્ષમ કરીને AI અને ઉભરતી ટેકનોલોજી માટે ગ્લોબલ સેન્ટર બનાવવાની દિશામાં સ્ટાર્ટ અપ સંવાદનું ગાંધીનગરમાં મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સ્ટાર્ટ અપ સંવાદમાં દેશના રાજ્યોના ૨૪ જેટલા ઉચ્ચ સંભવિત સ્ટાર્ટ અપ્સ સાથે પ્રત્યક્ષ સંવાદ-વાર્તાચિત કરીને તેમના અનુભવો અને ઈનોવેશન વિશે જાણવામાં ખુબ જ ઉત્સુક્તા દર્શાવી હતી. સ્ટાર્ટઅપ્સ સાથેના આ સંવાદ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યના વિકાસનો જે મજબૂત પાયો નાખ્યો છે, તેના કારણે આજે ગુજરાત નાણાંકીય શિસ્ત સાથે નવી ટેકનોલોજીને ઝડપથી અપનાવવામાં દેશમાં મોખરે છે. એટલું જ નહિ, ઈમર્જિંગ સેક્ટર્સ એવા એ.આઈ., સેમિકંડક્ટર અને ગ્રીન ગ્રોથ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટના લક્ષ્યો સિદ્ધ કરવા તરફ ગતિ કરી છે. એગ્રીકલ્ચર સેક્ટરમાં એ.આઈ. ટેક્નોલોજીના વિવિધ ઉપયોગ અંગેના ૫ સ્ટાર્ટઅપ, હેલ્થ સેક્ટરમાં ૩ તેમજ શિક્ષણના વિવિધ આયામો પર એ.આઈ. આધારિત કામગીરી કરતા ૬ અને ગવર્મેન્ટ અને ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરના ૧૦ જેટલા સ્ટાર્ટઅપે પોતાની કામગીરી અને પ્રોડક્ટનું પ્રસ્તુતીકરણ આ સંવાદ દરમિયાન મુખ્યમંત્રીશ્રી અને સૌ ઉપસ્થિતો સમક્ષ કર્યુ હતુ. આ તકે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકાર સાથે કામ કરવા માટે પ્રતિભાશાળી સ્ટાર્ટઅપ્સને પ્રાયોરિટી આપવાની સરકારની નેમ છે. જેથી નાવાચાર તથા નવા ઉદ્યમીઓને પ્રોત્સાહન મળે. AI ના ઉપયોગથી સરકારી કામકાજની ગતિ હજુ પણ વધારવી, કામમાં વધુ પારદર્શિતા લાવવી અને સરકારી યોજનાઓના લાભો ટેક્નોલોજીના સહારે છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચાડવા તે જ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. નાગરિકોની સુખાકારીમાં તેમજ સરકારની કાર્યક્ષમતામાં વધારો કરતા દરેક સ્ટાર્ટઅપ્સને સપોર્ટ કરવા માટે રાજ્ય સરકાર તત્પર છે, પરંતુ આ વિઝનને સાકાર કરવા માટે સૌનો પ્રયાસ અને દિશા એક હોવી ખૂબ જ જરૂરી છે. ટેકનોલોજી આધારિત વિકાસમાં 'ક્વોલિટી' રાજ્ય સરકારની પ્રથમ પ્રાથમિક્તા રહેશે, તેવો તેમણે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને યોજાયેલા આ AI સંવાદ દરમિયાન સાયન્સ ટેક્નોલોજી વિભાગ અને સર્વમ AI તથા MIKO સ્ટાર્ટઅપ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. ઉપરાંત AI સેન્ટર ઓફ એક્સેલન્સ, ગુજરાતની પેમેન્ટ મોડાલીટીઝનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ એમ.ઓ.યુ. અન્વયે Sarvam.ai દ્વારા ગુજરાતમાં એક આધુનિક Sovereign AI પાર્ક ઉભું કરવામાં આવશે આ AI પાર્કમાં એ.આઈ. માટે જરૂરી હાઈ-એન્ડ કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિસર્ચ અને ઈનોવેશન માટે સેન્ટર્સ, યુવાનો માટે સ્કિલ ડેવલપમેન્ટ, સરકાર માટે AI આધારિત સોલ્યુશન્સ, નાગરિક સેવાઓમાં સુધારા માટે ટેક્નોલોજી જેવી બધી સુવિધાઓ એક જ કેમ્પસમાં વિકસાવવામાં આવશે. રાજ્ય સરકાર અને સર્વમ એ.આઈ. વચ્ચેના આ એમ.ઓ.યુ.ને પરિણામે આગામી ૫ વર્ષમાં મોટી સંખ્યામાં રોજગારની તકો ઊભી થશે તથા AI અને નવી ટેક્નોલોજીની મજબૂત ઈકોસિસ્ટમ ઉભી થશે આ ઉપરાંત સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશનને પ્રોત્સાહન મળશે તેમજ સરકારી સેવાઓ વધુ સ્માર્ટ અને ઝડપી બનશે. આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે રાજ્ય સરકાર જરૂરી પરવાનગીઓ અને ક્લિયરન્સ ઝડપી આપશે તેમજ રાજ્યની નીતિઓ મુજબ સહાય અને સપોર્ટ તથા સંબંધિત વિભાગો સાથે સંકલન કરીને પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવામાં મદદરૂપ થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે AI ઈનોવેશન ચેલેન્જ હેઠળ સ્ટાર્ટઅપ્સને નવીન AI સોલ્યુશન્સ વિકસાવવા અને ઝડપથી અમલમાં મૂક્વા માટે સ્પષ્ટ તેમજ પારદર્શક ફાઈનાન્શિયલ સપોર્ટ મોડેલ જાહેર કર્યું છે. આ પહેલથી સ્ટાર્ટઅપ્સને Proof of Concept (PoC) વિકાસથી લઈને પ્રોડક્શન રોલઆઉટ સુધીના તમામ તબક્કામાં મજબૂત આર્થિક સહાય મળશે, જેથી રાજ્યમાં હાઈ-ઈમ્પેક્ટ AI આધારિત ઉકેલો ઝડપથી અમલી બની શકશે. આ પહેલ અંતર્ગત PoC તબક્કા માટે સ્ટાર્ટઅપ્સને યુઝ કેસ અનુસાર સીધી નાણાકીય મદદ આપવામાં આવશે. મોડરેટ યુઝ કેસ માટે રૂ. ૭.૫ લાખ સુધી અને કોમ્પ્લેક્સ યુઝ કેસ માટે રૂ. ૧૦ લાખ સુધીનું ફંડિંગ સ્ટેપ –બાય – સ્ટેપ આપવામાં આવશે. આ સ્કિમ અંતર્ગત સ્ટાર્ટઅપની પસંદ થયા બાદ ૨૫% રકમ તરત જ આપવામાં આવશે, જ્યારે સફળ PoC પૂર્ણ થયા બાદ બાકીની ૭૫% રકમ આપવામાં આવશે. PoC સફળ થયા બાદ પસંદગી પામેલા પ્રોજેક્ટ્સને ફુલ-સ્કેલ ડિપ્લોયમેન્ટ માટે વધુ સપોર્ટ-સહાય મળશે. મોડરેટ પ્રોજેક્ટ માટે રૂ. ૫૦ લાખ સુધી અને કોમ્પલેક્સ પ્રોજેક્ટ માટે રૂ. ૧ કરોડ સુધીની સહાય ફુલ-સ્કેલ ડેપ્લોયમેન્ટ, ઈમ્પ્લિમેન્ટેશન, કસ્ટમાઈઝેશન, ફીચર એન્હાન્સમેન્ટ તેમજ હેન્ડહોલ્ડિંગ સપોર્ટ માટે અપાશે. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સને ૪ વર્ષ સુધી સપોર્ટ મળશે, જેમાં ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર અને AI CoE ના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ પણ મેળવી શકાશે. આ ફાઈનાન્શિયલ સપોર્ટ મોડેલથી સ્ટાર્ટઅપ્સને ગુજરાત સરકાર સાથે સીધું કામ કરવાની તક મળશે. રાજ્યને પણ હાઈ-ઈમ્પેક્ટ AI સોલ્યુશન્સનું ઝડપી અમલીકરણ, સરકારી સેવાઓમાં વધુ કાર્યક્ષમતા તેમજ પારદર્શિતા, મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ગુજરાતને AI ઈનોવેશન હબ તરીકે સ્થાપિત કરવાના લાભો પ્રાપ્ત થશે. આ પહેલ રાજ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને નાગરિક-કેન્દ્રિત ગવર્નન્સને નવી ઊંચાઈઓ આપશે. મુખ્યમંત્રીશ્રીએ યુવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપતા કહ્યુ કે, રાજ્યની વિકાસ પ્રાથમિકતાઓ અને સુશાસનની જરૂરીયાતો સમજવા સાથોસાથ તેને સુસંગત નવિન ટેક્નોલોજીથી સ્ટાર્ટ અપ સપોર્ટ માટે દેશભરના આવા સ્ટાર્ટ અપ્સને એક પ્લેટફોર્મ પર લાવવાનો હેતુ આ સંવાદથી પાર પડશે. એટલુ જ નહિ, AI, ડ્રોન, હેલ્થ, એગ્રીકલ્ચર, સાયબર સિક્યોરિટી, સસ્ટેનેબિલિટી અને એન્ટરપ્રાઈઝ ટેક્નોલોજીમાં ઉભરતી તકોના મુલ્યાંકનથી રાજ્ય સરકારના વિભાગોમાં કાર્યક્ષમતા, પારદર્શીતા અને નાગરિક સેવાઓને વધુ સંગીન બનાવવામાં આ સંવાદ ઉપયુક્ત બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઈનોવેશન લેડ ગ્રોથના વિઝન સાથે ગુજરાતને નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજીના વ્યાપક અમલ અને પરિણામ આધારીત પદ્ધતી માટે સજ્જ બનાવવાની નવી દિશા આ સ્ટાર્ટ અપ સંવાદથી ખુલી છે. આ અવસરે ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મમતા વર્મા, શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ કુમાર અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રી પી. ભારતીએ ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને વિદ્યાર્થીઓથી લઈને સ્ટાર્ટઅપ્સ સુધી સરકાર દ્વારા અપાતી મદદ અને ફાયનાન્સિયલ સપોર્ટની વિસ્તૃત વિગતો આપી હતી. આ સ્ટાર્ટઅપ સંવાદ વેળાએ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, અધિક મુખ્ય સચિવ શ્રી આર. સી. મિના, શ્રી રાજીવ ટોપનો, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારથી, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અજય કુમાર, મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી. અતુલ ગોર તેમજ ડાયરેક્ટર આઈ.ટી. શ્રીમતી કવિતાબહેન અને વિવિધ ક્ષેત્રના યુવા સ્ટાર્ટ અપ્સ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રી ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા આગામી તા. ૨૧ અને ૨૨ માર્ચના રોજ રાજ્યવ્યાપી "મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમંત્રી મંડળની બેઠકમાં મિલેટ મહોત્સવ અંગે થયેલી ચર્ચા અંગે વિગતો આપતા રાજ્યના પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'શ્રી અન્ન' અભિયાનને વેગ આપીને તેમના વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે "ધરતીનું સોનું— શ્રી અન્ન અપનાઓ, સ્વસ્થ જીવન પાઓ"ના સૂત્ર હેઠળ આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય કક્ષાનો મુખ્ય મિલેટ મહોત્સવ કાર્યક્રમ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે, જેની સાથે જ રાજ્યની અન્ય સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જૂનાગઢ, નવસારી, વાપી, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ મહાનગરપાલિકા ખાતે પણ એકસાથે આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. અન્ય મહાનગરપાલિકામાં આયોજિત મિલેટ મહોત્સવમાં વિવિધ મંત્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહી ઉત્સાહવર્ધન કરશે. આ બે દિવસીય મહોત્સવ અંતર્ગત અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે અંદાજે ૮૫ સ્ટોલ અને રાજ્યના અન્ય શહેરોમાં કુલ ૬૨૦ સ્ટોલ વિવિધ ખેડૂત મંડળીઓ, એફ.પી.ઓ. અને વ્યક્તિગત ખેડૂતોને કોઈપણ જાતના ભાડા વિના એટલે કે, વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ આયોજનના માધ્યમથી ખેડૂતોને તેમના મિલેટ ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચાડવા અને મધ્યસ્થીઓ દૂર કરી યોગ્ય ભાવ અપાવવા માટેનું એક સબળ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મિલેટ મહોત્સવને નાગરીકો માટે આકર્ષણનું કેન્દ્ર ગણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, નાગરિકો માટે આ મહોત્સવમાં મિલેટ પ્રદર્શની, ફૂડ ફેસ્ટ, કૃષિ-ટેક ઝોન, એગ્રી-સ્ટાર્ટઅપ અને મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ મહોત્સવની મુલાકાત લેતા નાગરીકો અહીં મિલેટની શુદ્ધ બનાવટોની ખરીદી કરવાની સાથે-સાથે તેની તાજી અને પૌષ્ટિક વાનગીઓનો લ્હાવો પણ માણી શકશે. રાજ્યના મહાનગરોમાં વસતા નાગરિકોને આ મહોત્સવની અચૂક મુલાકાત લેવા માટે મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. શ્રી અન્ન અને પ્રાકૃતિક ખેતીને એકબીજાના પૂરક ગણાવતા મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, મિલેટ ઓછા પાણી અને રાસાયણિક ખાતર વગર ઉગી શકતા હોવાથી તે ગૌ-આધારિત ખેતી માટે અત્યંત ઉત્તમ છે. ગુજરાતમાં વધી રહેલા પ્રાકૃતિક ખેતીના વ્યાપને પ્રોત્સાહન આપી ધરતી માતાની રક્ષા કરવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો મુખ્ય આશય છે. ખેડૂતોની આવકમાં સીધો વધારો કરવાના પ્રયાસરૂપે યોજાનારો આ મહોત્સવ ગુજરાતના કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ લાવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મોરબી જિલ્લાના આરોગ્ય ક્ષેત્રે સુવર્ણ સિદ્ધિ; એકસાથે જિલ્લાનાં ૮ આયુષ્માન આરોગ્ય મંદિરોને રાષ્ટ્રીય કક્ષાનું 'NQAS' પ્રમાણપત્ર એનાયત

કેન્દ્ર સરકારના વિવિધ માપદંડોમાં મોરબીના આરોગ્ય કેન્દ્રો અગ્રેસર; ગુણવત્તાયુક્ત સારવાર અને શ્રેષ્ઠ વ્યવસ્થાપનની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ

કમલમ્,મોરબી,

મોરબી જિલ્લાના આરોગ્ય તંત્રની કામગીરી સાથે વહીવટી તંત્રની સિદ્ધિઓમાં એક સિદ્ધિ ફરી ઉમેરાઈ છે. ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય કક્ષાના ગુણવત્તા મૂલ્યાંકનમાં મોરબી જિલ્લાના ૮ આયુષ્માન આરોગ્ય મંદિરોને એકસાથે સ્થાન મળ્યું છે, જે ખરેખર ગૌરવની વાત છે. મોરબી તાલુકાના ૭ અને વાંકાનેર તાલુકાના ૧ આયુષ્માન આરોગ્ય મંદિરને ૧૨ મહત્વપૂર્ણ સેવાઓ માટે રાષ્ટ્રીય કક્ષાનું NQAS (National Quality Assurance Standards) પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ થકી જિલ્લામાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓની ઉચ્ચ ગુણવત્તા, સ્ટાફની કાર્યક્ષમતા અને દર્દીલક્ષી અભિગમને રાષ્ટ્રીય સ્તરે વિશેષ બહુમાન મળ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત નેશનલ ટીમ દ્વારા આ કેન્દ્રોમાં માતૃત્વ સેવાઓ, શિશુ આરોગ્ય, કુપોષણ નિવારણ, કુટુંબ કલ્યાણ, અને ચેપી-બિનચેપી રોગોના નિદાન જેવી પાયાની સેવાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, માનસિક સ્વાસ્થ્ય, આયુષ-યોગ પદ્ધતિ અને શાળાના બાળકો માટેના હેલ્થ ચેકઅપ જેવી ૧૨ સેવાઓમાં આ કેન્દ્રોની કામગીરીની વિશેષ નોંધ લેવાઈ હતી. આયુષ્માન આરોગ્ય મંદિરોમાં બહાદુરગઢને : ૯૩.૮૨%, જુના નાગડાવાસને ૯૨.૩૮%, બરવાળાને ૯૧.૧૩%, જોધપર (નદી)ને ૯૦.૯૫%, લખધીરપુરને ૮૯.૬૧%, કોયલીને ૮૯.૦૭%, મકતાનપર (વાંકાનેર)ને ૮૮.૩૫% અને ગોર ખીજડીયાને ૮૭.૦૧% રેંક સાથે વહીવટી તંત્રની કટિબદ્ધતા અને સ્ટાફની મહેનત થકી આ વિશિષ્ટ સિદ્ધિ હાંસલ થઈ છે. મોરબી જિલ્લાના આરોગ્ય કેન્દ્રો હવે ગુણવત્તાના માપદંડમાં રાષ્ટ્રના અન્ય શ્રેષ્ઠ કેન્દ્રો સાથે ખભેખભા મિલાવીને ઉભા છે.

આરોગ્ય તંત્રની વિશિષ્ટ કામગીરી અને વહીવટી તંત્રના પીપલ ફર્સ્ટ અભિગમ સાથે મોરબી જિલ્લાના છેવાડાના માનવી સુધી આધુનિક સ્વાસ્થ્ય સેવાઓ પહોંચી છે. આ ઐતિહાસિક સફળતા બદલ જિલ્લા વિકાસ અધિકારીશ્રી એન.એસ. ગઢવીએ હર્ષની લાગણી વ્યક્ત કરતા તમામ તબીબો, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) અને પેરામેડિકલ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી.કે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, આગામી સમયમાં જિલ્લાના વધુમાં વધુ કેન્દ્રો આ રાષ્ટ્રીય સ્તરનું સન્માન મેળવે તે માટે તંત્ર પ્રતિબદ્ધ છે. જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસરશ્રી ડો. હાર્દિક રંગપરિયાએ આ સફળતાનું શ્રેય સુસજ્જ સુવિધાઓ અને સમર્પિત કર્મચારીઓની મહેનતને આપ્યું હતું. આ અવસરે તાલુકા આરોગ્ય અધિકારીઓ અને મેડિકલ ઓફિસરશ્રીઓની ટીમને પણ બિરદાવવામાં આવી હતી.

આઈટીઆઈ કેશોદના તાલીમાર્થીઓ હવે ઈલેક્ટ્રિક વાહનોની ટેક્નોલોજીમાં બનશે સજ્જ: રાજ્ય સરકાર દ્વારા ઈવ કાર ફાળવાઈ

કમલમ્, જૂનાગઢ

રાજ્યના યુવાનોને આધુનિક ટેક્નોલોજી સાથે સુસંગત પ્રાયોગિક તાલીમ મળી રહે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગ્રીન મોબિલિટી તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શ્રમ અને રોજગાર તથા કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા તાજેતરમાં રાજ્યની વિવિધ આઈટીઆઈ માટે ૪૦ ઈલેક્ટ્રિક વ્હિકલ (EV) કારને ફ્લેગ ઓફ આપી ફાળવવામાં આવી હતી. આ પહેલના ભાગરૂપે આઈટીઆઈ કેશોદને તાલીમ માટે અદ્યતન ટાટા ટિઆગો ઈલેક્ટ્રિક કાર મળી છે, જે સંસ્થાના તાલીમાર્થીઓ માટે ટેક્નિકલ કૌશલ્ય વર્ધનનું નવું માધ્યમ બનશે. આઈટીઆઈ કેશોદ ખાતે કાર ઉપલબ્ધ થવાથી હવે અહીંના તાલીમાર્થીઓને ઈલેક્ટ્રિક વાહનોના સંચાલન, જાળવણી (મેન્ટેનન્સ) અને જટિલ ટેક્નિકલ કામગીરી અંગે પ્રત્યક્ષ 'હેન્ડ્સ-ઓન' પ્રેક્ટિકલ તાલીમ મળી શકશે. વર્તમાન સમયમાં ઓટોમોબાઈલ ક્ષેત્રે જે રીતે ઈલેક્ટ્રિક વાહનોનો વ્યાપ વધી રહ્યો છે, તેને ધ્યાને લેતા આ સુવિધા તાલીમાર્થીઓને ઉદ્યોગસંગત આધુનિક કૌશલ્ય પ્રાપ્ત કરવામાં અને ગ્રીન ટેક્નોલોજી ક્ષેત્રે સજ્જ થવામાં મહત્વપૂર્ણ બની રહેશે. સંસ્થાના

ઈનચાર્જ પ્રિન્સિપાલ શ્રી પ્રિયેશ કે. વાળા અને સમગ્ર સ્ટાફ દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આ તકે તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ અભિગમથી તાલીમાર્થીઓ ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગમાં ઉભરી રહેલી વિપુલ તકોનો લાભ લઈ શકશે અને ઉત્તમ કારકિર્દીનું નિર્માણ કરવા માટે સક્ષમ બનશે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી જે.એન વાઘેલા (ઇ.ચા)ની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

સંકલન બેઠકની અગત્યતા સમજતા દરેક વિભાગના અધિકારીશ્રી પોતે સંકલન બેઠકમાં હાજર રહે તેવો અનુરોધ કરતાં કલેકટરશ્રી ગાંધીનગર

કમલમ્,

ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે માર્ચ માસની જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક(ઈ.ચા) જિલ્લા કલેકટરશ્રી જે.એન વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના પડતર પ્રશ્નોના ઝડપી નિરાકરણ અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક અંતર્ગત જનહિતના કાર્યો પર ભાર મુકતા ઉપસ્થિત માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ દ્વારા લોકહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. અધ્યક્ષશ્રીએ આ પ્રશ્નોનું સમયમર્યાદામાં સકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત વિભાગોને સૂચના આપી હતી. આ તકે ઈ.ચા કલેક્ટરશ્રી દ્વારા સરકારી વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જળવાય અને વહીવટી કામગીરીમાં ગતિશીલતા આવે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તથા બાકી રહેલા પેન્શન કેસો, વહીવટી મંજૂરીઓ અને નાગરિકોની સુખાકારીને લગતા પ્રશ્નોને અગ્રતા આપી પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યું હતું. સાથે જ સંકલન બેઠકની અગત્યતા સમજતા દરેક વિભાગના અધિકારીશ્રી પોતે આ બેઠકમાં હાજર રહે તેવો અનુરોધ કરતાં ઉમેર્યું હતું કે, સંકલન બેઠકનો હેતુ અનેક પ્રશ્નોનું સમાધાન કરવાનો છે, માટે કોઈ ચોક્કસ અને સચોટ કારણો વગર પ્રતિનિધિને ન મોકલતા અધિકારીશ્રી પોતે ઉપસ્થિત રહે તેવો? આગ્રહ રાખ્યો હતો. સંકલન બેઠકમાં માણસાના ધારાસભ્યશ્રી જે.એસ પટેલ, કલોલ ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે પટેલ, નિવાસી અધિક કલેકટર શ્રી નિશા શર્મા, કલોલ પ્રાંતશ્રી મયંક પટેલ ગાંધીનગર મામલતદારશ્રી તેમજ જિલ્લા સંકલન સમિતિના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક ઇ.ચા કલેક્ટરશ્રી જે.એન વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાઈ

કમલમ્,

જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક તા. ૧૮ માર્ચના રોજ ઈ.ચા કલેક્ટરશ્રી જે.એન વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં અન્ન અને નાગરિક પુરવઠાની સ્થિતિ, વિતરણ વ્યવસ્થા અને ગ્રાહક સુરક્ષાના વિવિધ પાસાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. વિતરણ વ્યવસ્થા અંગે વાત કરવામાં આવે તો, ફેબ્રુઆરી-૨૦૨૬ માસ દરમિયાન જિલ્લાના કુલ ૧,૬૪,૦૨૨ રેશનકાર્ડ ધારકો પૈકી ૧,૫૫,૮૫૨ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓનું સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં NFSA-નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળના રેશનકાર્ડ ધારકોમાં ૯૯.૯૯% જેટલી ઉચ્ચતમ આધાર સીડીંગની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. તથા NFSA-2013 હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોની યાદીમાં સમાવેશ કરવા માટે મળેલી કુલ ૨૬૩ અરજીઓનો ફેબ્રુઆરી માસમાં હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા માટે જિલ્લા તપાસણી એકમ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ફેબ્રુઆરી માસમાં કુલ ૭૪ વાજબી ભાવની દુકાનો અને ૧ ગેસ એજન્સીની આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. અને ગ્રામ્ય અને શહેરી કક્ષાની તકેદારી સમિતિના સભ્યોની વિગતો જેમ કે નામ, આધાર અને મોબાઈલ નંબર 'ipds' પોર્ટલ પર તાત્કાલિક અપડેટ કરવા સૂચના પણ આપવામાં આવી છે. આ બેઠક દરમિયાન તોલમાપ વિભાગ અને ખોરાક તથા ઔષધ નિયમન તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ગ્રાહકોને પુરેપુરો જથ્થો મળે અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જળવાય તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી. ઉપરાંત બેઠકમાં વાજબી ભાવની દુકાનો દ્વારા જથ્થો સમયસર ઉપાડવામાં આવે છે કે કેમ તેની 'DSD' પત્રક આધારે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે ઈ.ચા કલેક્ટરશ્રીએ દરેક સ્તરે તકેદારી સમિતિની બેઠકો નિયમિત મળે અને સામાન્ય નાગરિકને મળવાપાત્ર પુરવઠો સરળતાથી મળી રહે તે જોવા ખાસ સૂચના આપી હતી. ઉપરાંત ઉલ્લેખનીય છે કે, બેઠક અંતર્ગત વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા નાગરીકોને ગેસ સિલિન્ડર માટે તકલીફ ન પડે તે અંગે પણ ખાસ ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ નવા એટી.એમ અનાજ વિતરણ કેન્દ્રો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જે મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ખાતે ટુંક સમયમાં અવ્યવસ્થા શરુ થવાનું પણ જણાવાયું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે પટેલ, નિવાસી અધિક કલેક્ટર શ્રી નિશા શર્મા સહિત પુરવઠા અધિકારીશ્રી, કર્મચારીઓ અને મામલતદાર શ્રી ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના ડૉ. આંબેડકર હૉલ ખાતે સામાજિક સમરસતા શિબિર યોજાઈ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નાયબ નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ અને હિન્દી દલિત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જીલ્લા કક્ષાની સામાજિક સમરસતા શિબિર યોજાઈ

કમલમ્,

આજની સામાજિક સમરસતા શિબિરની શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવોના વરદહસ્તે બાબાસાહેબની છબીને ફુલહાર અર્પણ કરી દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે હિન્દી દલિત સાહિત્ય અકાદમી ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ.નરસિંહદાસ વણકરે ઉપસ્થિત મહાનુભાવો પરિચય આપ્યો હતો અને સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ ત્યારબાદ સંસ્થાના હોદેદારો દ્વારા મહેમાનોનુ પુષ્પગુચ્છ આપીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આજની શિબિરમાં અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરના નાયબ નિયામકશ્રી ડૉ. ધનશ્યામ વાઘેલા, જીલ્લા પંચાયત ગાંધીનગરના સમાજ કલ્યાણ અધિકારી સુધાબેન બારોટ, સમાજ કલ્યાણ અધિકારી ડૉ બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ગાંધીનગરના રેણુકાબેન ગામિત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના પ્રતિભાવો આપ્યા હતા. શિબિર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પ્રમુખ ડૉ બાબાસાહેબ આંબેડકર રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ ઓફ સોસીયલ સાયન્સ (બારીશ)ના શ્રી બાલકૃષ્ણ આનંદે પોતાના ઉદબોધનમાં સાંપ્રત સમયમાં સામાજિક સુરક્ષા સંદર્ભે લોકશાહીના ચોથા સ્તંભ ગણાતા ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાની ભુમિકા પર વિશેષ ભાર મુકતાં સામાજિક સમરસતા સ્થાપવામાં કાયદો અને વ્યવસ્થા, સરકારી વહીવટી તંત્રની સાથે સાથે પત્રકારોની કામગીરી મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. અનુસૂચિત જાતિ કલ્યાણના નિવૃત્ત નાયબ નિયામકશ્રી પી બી શ્રીમાળીએ અનુસુચિત જાતિના લોકો માટે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી હતી. ડૉ બાબાસાહેબ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના પૂર્વ મેનેજીંગ ડિરેક્ટરશ્રી ડૉ હસમુખભાઈ પરમારે પોતાના ઉદબોધનમાં એટ્રોસીટી એક્ટ વિશે વિસ્તૃત છણાવટ કરી હતી અને એના અસરકારક અમલમાં સરકારી તંત્રની ઉદાસીનતા મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં આપણા હક્ક અને અધિકારો માટે સમાજના સક્ષમ લોકોએ જાગૃત રહેવા માટે અપીલ કરી હતી. આ પ્રસંગે હિન્દી દલિત સાહિત્ય અકાદમીના ડૉ કે કે વૈષ્ણવ, ડૉ. કે.બી.ચૌહાણ, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રીમતી કૈલાસબેન ગુણવંતભાઈ સુતરિયા, જીલ્લા પંચાયત સદસ્ય હસમુખભાઈ તીરગર, મહિલા કાર્યકર શર્મિષ્ઠાબેન ચૌહાણ, જયંતભાઈ ચૌહાણ, નિવૃત્ત માહિતી અધિકારી નટુભાઈ પરમાર, ભાનુપ્રસાદ દવે, કબીર એવોર્ડ વિજેતા ડૉ. ગુલાબચંદ પટેલ, નિવૃત્ત ટીડીઓ નવીનભાઈ પરમાર સહિતના સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે સૌ શિબિરાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા તથા સંયોજકશ્રી એડવોકેટ કે. આઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

નિફ્ટ ગાંધીનગર દ્વારા 'સ્પેક્ટ્રમ ૨૦૨૬: એ વાઈબ્રન્ટ કોન્ફ્લુઅન્સ ઓફ કલ્ચર, ઈનોવેશન એન્ડ એક્સપ્રેશન નું આયોજન





કમલમ્,

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલૉજી (NIFT) ગાંધીનગરએ ૧૮-૨૦ માર્ચ ૨૦૨૬ સુધી તેના ફ્લેગશિપ વાર્ષિક સાંસ્કૃતિક અને સર્જનાત્મક તહેવાર સ્પેક્ટ્રમ ૨૦૨૬ નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. "કારવાં" થીમ આધારિત ત્રણ દિવસીય ઉજવણીમાં મુસાફરી, સહયોગ અને સામૂહિક સર્જનાત્મક અભિવ્યક્તિની ભાવના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. એનઆઈએફટી ગાંધીનગરના નિર્દેશક ડૉ. સમીર સૂદે જણાવ્યું હતું કે સ્પેક્ટ્રમ ૨૦૨૬ "દેશી મેક્સિમલિઝમ" ની વિભાવનાથી પ્રેરિત છે-એક ગતિશીલ ડિઝાઈન અને ફેશન ફિલસૂફી જે પરંપરાગત હસ્તકલા, બોલ્ડ રંગો અને સમૃદ્ધ ટેક્સ્ચર્સના સ્તર દ્વારા દક્ષિણ એશિયાની સમૃદ્ધિની ઉજવણી કરે છે. "વધુ વધુ છે"ના વિચારને સ્વીકારતા, તે આનંદ, ઓળખ અને વારસાને વ્યક્ત કરવા માટે જટિલ સુશોભન, વિવિધ પેટર્ન અને સાંસ્કૃતિક પ્રધાનતત્ત્વોને પ્રકાશિત કરે છે, જે ઘણીવાર પરંપરાગત સૌંદર્યશાસ્ત્ર સાથે સમકાલીન તત્વોને મિશ્રિત કરે છે. અને સ્પેક્ટ્રમ ૨૦૨૬-કારવાંમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન ગાંધીનગર, અમદાવાદ યુનિવર્સિટી, આઈઆઈટીઆરએમ, અનંત નેશનલ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ઈન્ડસ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, એલજે યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, જેજી યુનિવર્સિટી, સેન્ટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદ, ડીએ-આઈઆઈસીટી, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન અમદાવાદ, કડી યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી સહિત સમગ્ર ગુજરાતની અગ્રણી સંસ્થાઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ, આઈ. એ. એસ. ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ઔપચારિક રીતે સ્પેક્ટ્રમ ૨૦૨૬ની શરૂઆતની જાહેરાત કરી હતી. પોતાના ઉદ્ઘાટન સંબોધનમાં તેમણે આ મહોત્સવને બૌદ્ધિક સંવાદ, સર્જનાત્મક અભિવ્યક્તિ, જ્ઞાનના આદાન-પ્રદાન અને નવીનતા માટે એક ગતિશીલ મંચ તરીકે પ્રકાશિત કર્યો હતો. સંસ્થા સાથેના તેમના જોડાણને પ્રતિબિંબિત કરતા તેમણે ટિપ્પણી કરી હતી કે, એનઆઈએફટી પરિસરની મુલાકાત લેવાથી તેઓ હંમેશા કાયાકલ્પ અને પ્રેરણા અનુભવે છે. ડૉ. જયંતી રવિએ પ્રદર્શન "નૉસ્ટાલ્જિયા" ની તેના વિચારશીલ ક્યુરેશન અને કલાત્મક ઊંડાણ માટે પ્રશંસા કરી હતી. તેણીએ ખાસ કરીને ટ્રેનમાં આઈસ્ક્રીમ શેર કરતા એક મધ્યમ વયની દંપતીને દર્શાવતી ફોટોગ્રાફની નોંધ લીધી હતી, જેમાં તેને પ્રેમ, કરુણા અને સ્થાયી માનવીય જોડાણોની માર્મિક રજૂઆત તરીકે વર્ણવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં અન્ય કલાકૃતિઓ સાથે નોંધપાત્ર સર્જનાત્મકતા અને વૈવિધ્યસભર અભિવ્યક્તિઓ દર્શાવવામાં આવી હતી. તેમણે NIFT સાથે સહયોગી તકોને પ્રોત્સાહન આપવામાં રસ દાખવ્યો હતો અને વર્કશોપ, કોક્લેવ અને વિસ્તૃત સર્જનાત્મક પહેલ દ્વારા ઑરોવિલે સાથે જોડાણનો પ્રસ્તાવ મૂક્યો હતો. ઢોલની શરૂઆતની પ્રસ્તુતિએ ઉજવણી માટે ઊર્જાસભર સૂર નક્કી કર્યો હતો. ફોટોગ્રાફી ક્લબે એસ્કેપ રૂમ, ફોટોગ્રાફી પ્રદર્શન, ટૂંકી ફિલ્મ/રીલ સ્પર્ધા, ફોટોગ્રાફી સ્પર્ધા અને જાહેરાત નિર્માણ જેવા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. લિટરરી ક્લબે એડ મેડ, ડિબેટ, ફિક્શન ફૂડ વોર્સ, પોએટ્રી રુલેટ અને લેટર્સ એક્રોસ વર્લ્ડનું આયોજન કર્યું હતું. એન્વાયર્નમેન્ટ ક્લબે ચેકમેટ એરેના, માઈક મિક્સ/વોઈસ સ્વેપ અને ટકાઉપણું-કેન્દ્રિત ફેશન શો સહિતની નવીન પ્રવૃત્તિઓ રજૂ કરી હતી. સ્પોર્ટ્સ ક્લબે વૉલીબૉલ, બાસ્કેટબૉલ, બેડમિન્ટન, ચેસ, ફુટસલ, ઈ-સ્પોર્ટ્સ (PUBG) અને ટેબલ ટેનિસ જેવી સ્પર્ધાઓ દ્વારા સહભાગીઓને ઉત્સાહિત કર્યા હતા. કલ્ચરલ ક્લબે ફ્લેશ મોબ, સોલો અને ગ્રુપ ડાન્સ, ડ્યુએટ ડાન્સ, સોલો સિંગિંગ અને બેટલ ઓફ બેન્ડ્સ સાથે મંચને જીવંત બનાવ્યો હતો. ઈએસએસ ક્લબે ફેસ પેઈન્ટિંગ, સ્ટાઈલ, મીમ મેકિંગ, મોનોલોગ, એનજીઓ ફેશન વોક અને નુક્કડ નાટક જેવા અભિવ્યક્ત અને સામાજિક રીતે આકર્ષક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. તેની થીમ "કારવાં" સાથે સંરેખિત, સ્પેક્ટ્રમ ૨૦૨૬ એ દેશી મેક્સિમલિઝમની ભાવનાને સ્વીકારી-એક બોલ્ડ ડિઝાઈન ફિલસૂફી જે દક્ષિણ એશિયન સંસ્કૃતિમાં મૂળ ધરાવે છે, જીવંત રંગો, સ્તરવાળી પેટર્ન, સમૃદ્ધ ટેક્સ્ચર્સ અને અભિવ્યક્ત વાર્તા કહેવાની ઉજવણી કરે છે. આ તહેવાર પરંપરા અને સમકાલીન સર્જનાત્મકતાના અવિરત મિશ્રણને પ્રતિબિંબિત કરે છે, જે એક નિમજ્જન સાંસ્કૃતિક અનુભવ પ્રદાન કરે છે. માત્ર એક તહેવારથી વધુ, સ્પેક્ટ્રમ ૨૦૨૬ વિચારો, ઓળખ અને કલાત્મક અવાજોના ગતિશીલ કાફલા તરીકે ઉભરી આવ્યું છે, જે સંસ્થાઓ અને યુવા દિમાગને નવીનતા, સંસ્કૃતિ અને સહયોગના સહિયારા મંચ પર એકસાથે લાવે છે. આ મહોત્સવમાં અમદાવાદ અને નજીકના પ્રદેશોની અગ્રણી કોલેજોએ ભાગ લીધો હતો. તેમાં સર્જનાત્મકતા, સાંસ્કૃતિક વારસો અને કલાકારો, કલાકારો, બૌદ્ધિકો અને રમતવીરોને એકસરખા આકર્ષતા સૌહાર્દની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ અમલીકરણ ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓના સમર્પણનો પુરાવો છે, જે NIFT ગાંધીનગરની સર્વગ્રાહી વિકાસ, નવીનતા અને કલાત્મક ઉત્કૃષ્ટતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ગરિમામય ઉપસ્થિતિમા દાહોદ જિલ્લાના સુખસર ખાતે 'બૂથ કાર્યકર્તા સંમેલન' યોજાયું

આદિવાસી વિસ્તાર અને આદિવાસી નાગરિકોના સર્વાંગી વિકાસ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપા સરકાર દ્વારા અનેકવિધ જનહિતકારી યોજનાઓ કાર્યરત -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કુદરતી આફતના સમયે ખેડૂતોને નુકસાન થયું હોય ત્યારે કોંગ્રેસનો એક પણ નેતા લોકોની વચ્ચે જોવા મળતો નથી-શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ગરિમામય ઉપસ્થિતિમા દાહોદ જિલ્લાના સુખસર ખાતે ફતેપુરા વિધાનસભાનું 'બૂથ કાર્યકર્તા સંમેલન' યોજાયુંહતું. આ પૂર્વે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ બુથનં. ૧૩૮ ના પ્રમુખ શ્રી જેન્તીભાઈ ખાનાભાઈ પરમારના નિવાસસ્થાને અલ્પાહાર લઈ પરિવાર સાથે મુલાકાત કરી હતી. બુથ કાર્યકર્તા સંમેલનમાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ચૈત્રી નવરાત્રીની શુભકામનાઓ પાઠવી ' જય જોહાર, જય આદિવાસી' ના નાદ સાથે સંબોધનની શરૂઆત કરી હતી અને સુખસરની પવિત્ર ધરતી પર વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓને ઉપસ્થિત જોઈ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તેઓએ કહ્યું હતું કે અંબાજીથી ઉમરગામ સુધીના પ્રવાસ દરમિયાન મને આદિવાસી ભાઈ-બહેનોના ઘરે ભોજન કરવાનો અવસર મળ્યો છે. દાહોદ જિલ્લો અને માનગઢ હિલ સ્વતંત્રતા સંગ્રામના ગૌરવશાળી ઈતિહાસનો સાક્ષી છે. ૨૦-૨૫ વર્ષ પહેલાં ગામડાઓમાં પાણી માટે ભારે મુશ્કેલી હતી, મહિલાઓને કિલોમીટરો દૂર જઈ પાણી લાવવું પડતું હતું. આજે ભાજપા સરકારના પ્રયાસોથી તળાવો ભરાયેલા છે અને સિંચાઈ માટે ૫૫૦૦ કરોડ રૂપિયાની યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. સિંચાઈ માટે પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાની વ્યવસ્થા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કરી છે. શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે આ પંથકમાં માત્ર ધૂળ ઉડતી હતી, પરંતુ આજે સ્ટેટ હાઈવે થી નેશનલ હાઈવે સુધી રોડ કનેક્ટિવિટી ભાજપાની કમળવાળી સરકારે આપી છે. આજે ગામડાનો ખેડૂત પોતાની ઉપજ સીધી બજારમાં લઈ જઈ શકે છે અને ગામડાથી શહેર સુધીનો સંપર્ક મજબૂત થયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ, ખેડૂત અને આદિવાસી સમાજના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આયુષ્માન કાર્ડથી ગરીબ પરિવારને મફત સારવાર મળી રહી છે, કિસાન સન્માન નિધિથી ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા જમા થાય છે, ગરીબોને પાકા મકાનો અને મફત અનાજ મળ્યા છે. દાહોદના આદિવાસી પરિવારોના ઘરે પણ સોલર પેનલ અને ખેતી માટે સોલર સુવિધા આપવામાં આવી રહી છે. આદિવાસી સમાજના બાળકોને સારો અભ્યાસ મળે તે માટે એકલવ્ય સ્કૂલ જેવી સુવિધાઓ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી છે. ભગવાન બિરસા મુન્ડાને સાચું સન્માન આપવાનું કામ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે શ્રી વિશ્વકર્માએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યુંહતું કે, કોંગ્રેસે ૬૦ વર્ષ સુધી રાજ કર્યુંછતાં આદિવાસી સમાજના વિકાસ માટે કોઈ કામ કર્યું નહીં, માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓ ભુલે ચુકે જો તમારા ઘરે આવે તો તેમને પૂછજો કે ૬૦ વર્ષ સુધી રાજ કર્યું ત્યારે આદિવાસી સમાજ માટે શું કર્યું. કોંગ્રેસ માત્ર ચૂંટણી આવે ત્યારે જ લોકો વચ્ચે આવે છે અને ભોળા આદિવાસી ભાઈ-બહેનોને ખોટા વચનો અને લાલચો આપી છેતરવાનું કામ કરે છે. ચૂંટણી પૂરી થઈ જાય પછી કોંગ્રેસના નેતાઓ લોકો વચ્ચે દેખાતા નથી, જ્યારે ભાજપાના કાર્યકર્તાઓ સતત લોકોના સુખ-દુઃખમાં ભાગીદાર બને છે. તેઓએ કહ્યું કે, આજે કોંગ્રેસ પાસે માત્ર પરિવારવાદની રાજનીતિ જ બચી છે. પહેલા નહેરુ આવ્યા, પછી ઈન્દિરા આવ્યા, પછી રાજીવ ગાંધી આવ્યા, ત્યારબાદ રાહુલ ગાંધી આવ્યા અને હવે પ્રિયંકા ગાંધીને આગળ લાવવાની તૈયારી ચાલી રહી છે. કોંગ્રેસ પાસે કોઈ મજબૂત નેતૃત્વ નથી. કોંગ્રેસના નેતાઓ લોકોના સુખ-દુઃખમાં ક્યારેય ભાગીદાર બન્યા નથી. કે અતિવૃષ્ટિ હોય કે અન્ય કુદરતી આફત હોય અને ખેડૂતોને નુકસાન થયું હોય ત્યારે કોંગ્રેસનો એક પણ નેતા લોકોની વચ્ચે જોવા મળ્યો નહોતો, જ્યારે ભાજપાના કાર્યકર્તાઓ લોકોની વચ્ચે પહોંચ્યા હતા અને સરકારે ખેડૂતોના ખાતામાં સીધા સહાયના રૂપિયા જમા કરાવ્યા હતા. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે ક્યારેય ગરીબોના આંસુ લૂછ્યા નથી અને ક્યારેય ગરીબોને મફત અનાજ, પાકા મકાનો કે ગેસના બાટલા જેવી સુવિધાઓ આપવાનો વિચાર કર્યો નથી. કોંગ્રેસ માત્ર વચનો આપે છે અને ચૂંટણી પૂરી થયા પછી લોકો વચ્ચે દેખાતી નથી. ભાજપની સરકાર એવી છે કે જે સામે ચાલીને તમને હિસાબ આપે છે, કોંગ્રેસે ક્યારેય હિસાબ આપ્યો નથી. દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આદિવાસી સમાજની દીકરી છે, પરંતુ પશ્ચિમ બંગાળમાં તેમના અપમાનના મુદ્દે પણ કોંગ્રેસે એક શબ્દ બોલ્યો નથી. કોંગ્રેસ સતત આદિવાસી સમાજને અવગણતી આવી છે. કોંગ્રેસ હવે માત્ર વચનો આપતી પાર્ટી બની ગઈ છે, જ્યારે ભાજપા સરકાર લોકોના સુખ-દુઃખમાં ભાગીદાર બની કામ કરતી સરકાર છે. સંબોધનના અંતે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કાર્યકર્તાઓને 'મેરા બુથ સબસે મજબૂત'ના મંત્ર સાથે સંગઠન વધુ મજબૂત બનાવવાનું આહ્વાન કરી આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કમળના નિશાન પર મત આપવા જનતાને અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી રમેશભાઈ કટારા, પ્રદેશ મહામંત્રીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ મંત્રીશ્રી શંકરભાઈ આંબલીયાર, સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, દાહોદ જિલ્લાના પ્રભારીશ્રી રાજેશભાઈ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી સ્નેહલભાઈ ધરીયા સહિત સ્થાનિક ભાજપા આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

ભરૂચ ખાતે મહિલા સ્વરોજગાર ભરતી મેળો યોજાયો

કમલમ્,ભરૂચ

ભરૂચ જિલ્લામાં ૧૮મી માર્ચ ૨૦૨૬ના રોજ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી તેમજ જિલ્લા રોજગાર કચેરી-ભરૂચના સંયુક્ત ઉપક્રમે ભરૂચના રોટરી ક્લબ ખાતે 'મહિલા સ્વરોજગાર મેળો' ભવ્ય રીતે આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઉપસ્થિત રહીને મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન જિલ્લા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું આ ભરતી મેળામાં ભરૂચ અને આસપાસના વિસ્તારના પ્રતિષ્ઠિત એકમો જેવા કેએમ.આર.એફ લિમિટેડ (દહેજ), એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યોરન્સ, યોકોહામા ઓફ હાઈવે ટાયર, અને સન ફાર્માસ્યુટિકલ સહિતના કુલ ૮ થી વધુ અગ્રણી નોકરીદાતાઓએ ભાગ લીધો હતો. આ ભરતી મેળામાં મશીન ઓપરેટર, મેનેજર, સેલ્સ એક્ઝિક્યુટિવ અને એપ્રેન્ટીસ જેવી વિવિધ કેડર માટે અંદાજે ૬૨૫ થી વધુ ખાલી જગ્યાઓ માટે સીધા ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ તકે, મહિલા સ્વરોજગાર મેળમાં પ્રજાપતિ શીતલે હર્ષની લાગણી સાથે જણાવ્યું કે, મારા પોતાના ઘર આંગણે લાંબા સમય બાદ મને રોજગારી મળવા જઈ રહી છે. દહેજ સ્થિત જાણીતી કંપની યોકોહામા ઓફ હાઈવે ટાયર (Ykoohama) દ્વારા મશીન ઓપરેટર તરીકે પસંદગી કરવામાં આવી છે. આજે હું ખૂબ ખુશ છું. મહિલા સ્વરોજગાર મેળાના કારણે ભરૂચની મહિલાઓ માટે ઘર આંગણે રોજગારીની નવી તકોના દ્વાર ખૂલ્યા છે. ત્યારે વધુમાં વધુ મહિલાઓ મહિલા સ્વરોજગાર મેળાનો લાભ લે તેવો અનુરોધ તેમણે કર્યો હતો મહાનુભાવોના હસ્તે આ દીકરીઓને રોજગારના અવસર પૂરા પાડતા પત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જે તેમના ઉજ્જવળ ભવિષ્યની દિશામાં એક મહત્વનું કદમ સાબિત થશે. માત્ર રોજગારી જ નહીં, પરંતુ મહિલા કલ્યાણના ભાગરૂપે 'વ્હાલી દીકરી યોજના' ના મંજૂરી આદેશોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે જ્યારે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નોકરીદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને ઉપસ્થિત સૌ કોઈએ 'બેટી બચાવો, બેટી પઢાવો' ના શપથ લીધા હતા, જે મહિલા સશક્તિકરણ પ્રત્યે સરકારની કટિબદ્ધતા દર્શાવે છે. આ ભરતી મેળામાં એસ.એસ.સી., એચ.એસ.સી., ડિપ્લોમા અને સ્નાતક થયેલી મહિલા ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં એ.આઈ.થી સજ્જ ૩ સ્માર્ટ આંગણવાડીઓ ખુલ્લી મૂકવામાં આવી

કમલમ્,વડોદરા,

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ભૂલકાઓ માટે અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી વોલ્ટાસ લિમિટેડની સી. એસ. આર. પહેલ અંતર્ગત અંબુજા ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવેલી ડિજિટલ સ્માર્ટ આંગણવાડીઓ ખુલ્લી મૂકવામાં આવી છે. વાઘોડિયા તાલુકાના ૧૧ ગામોમાં કાર્યરત સંકલિત સામુદાયિક વિકાસ કાર્યક્રમ હેઠળ આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં હાથ ધરાયેલા પ્રોજેક્ટના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી છે, જેથી બાળકો પ્રાથમિક કક્ષાએથી જ વાંચન, ગણન અને લેખનમાં સજ્જ બની શકે. તાલુકા મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રીમતી મોનીષાબેન પંચાલની અધ્યક્ષતામાં તા. ૧૬ માર્ચને સોમવારે સોમેશ્વરપુરા ખાતે આ સ્માર્ટ આંગણવાડીઓના ઉદઘાટન અને હસ્તાંતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રીમતી પંચાલે વોલ્ટાસ કંપની અને અંબુજા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલી લોકોપયોગી કામગીરીને બિરદાવી હતી અને ગ્રામજનોના સહકાર બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ આયોજનના પ્રથમ તબક્કા હેઠળ ગજાદરા, સોમેશ્વરપુરા અને વ્યારા ગામની આંગણવાડીઓને ડિજિટલ સ્માર્ટ આંગણવાડીમાં પરિવર્તિત કરવામાં આવી છે. આ કેન્દ્રોમાં બાળકો માટે બાલા પેઈન્ટિંગ, આકર્ષક રંગ રોગાન, પીવાના શુદ્ધ પાણીની સુવિધા, કિડ્સ ચેર, રસોઈ માટે સ્ટીલના વાસણો તેમજ સૌથી મહત્વનું એવું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ સ્માર્ટ પેનલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ માત્ર શિક્ષણ જ નહી, પરંતુ શાળા, આંગણવાડી અને પેટા આરોગ્ય કેન્દ્રોમાં માળખાકીય સુવિધાઓની મરામત તેમજ વિવિધ આરોગ્ય કેમ્પ દ્વારા લોકોની સુખાકારી માટેની પ્રવૃતિઓ પણ હાથ ધરવામાં આવી છે. સોમેશ્વરપુરા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં અંબુજા ફાઉન્ડેશનના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શ્રી અરશીભાઈ નંદાણીયાએ સંસ્થાની કામગીરીની રૂપરેખા આપી વહીવટી તંત્ર અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સરપંચ શ્રીમતી હંસાબેન પરમાર, ઉપ સરપંચશ્રી મહેશભાઈ વસાવા, તલાટી મંત્રી શ્રીમતી છાયાબેન પટેલ, મુખ્ય સેવિકા શ્રીમતી કોકીલાબેન ભીલ સહિત ગામના અગ્રણીઓ અને પ્રોજેકટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી કાર્યકર બહેનો અને ગ્રામજનોની બહોળી ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર જિલ્લાના વિકાસ કાર્યો અંગે આયોજન મંડળની બેઠક યોજાઈ

ટેકનિકલ કે નાની એરરના કારણે જનતાના હિતના કામો અટકાઈ નહીં તે માટે તાકીદ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી સંઘવી

કમલમ્,ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રી તથા ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

જેમાં વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં કરવામાં આવનાર વિકાસ કાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના વિકાસ કાર્યોના આયોજન દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ સર્વે અધિકારીઓને જાહેર જનતાના એક પણ કામમાં વિલંબ ના થાય અને કોઈ પણ ટેકનિકલ કે નાની એરરના કારણે જનતાના હિતના કામો અટકાઈ નહીં તે માટે તાકીદ કરી હતી. આ સાથે તેમણે તમામ અધિકારીઓને સંકલન થકી જિલ્લાના વિકાસ કાર્યોને વધુ ઝડપી રીતે પૂર્ણ કરવા સહયોગ સાધવા જણાવ્યું હતું.

બેઠકમાં ૧૫% વિવેકાધીન તાલુકા કક્ષાની ૭૨૧ લાખ, ૧૫% ખાસ અંગભૂત હેઠળ ૭૯ લાખ તથા નગરપાલિકા કક્ષાની ૧૫૦ લાખ ગ્રાન્ટ અંતર્ગત કુલ ૯૫૦ લાખના કુલ ૩૭૧ કામમાંથી શિક્ષણ, આરોગ્ય, રોડ રસ્તા, પાણી પુરવઠા, ગંદા વસવાટોની સુધારણા, વીજળીકરણ, ભૂમિ સંરક્ષણ, પોષણ વગેરે વિભાગ અંતર્ગતના કુલ ૩૬૩ વિકાસ કાર્યો માટે ૯૩૪.૨૩ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી.

આ તકે મેયર શ્રી મીરાબેન પટેલ, સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ધારાસભ્ય સવશ્રીઓ શ્રી રીટાબેન પટેલ, શ્રી અલ્પેશ ઠાકોર, શ્રી લક્ષ્મણજી ઠાકોર, શ્રી જે.એસ.પટેલ, ઈન્ચાર્જ કલેક્ટર તથા કમિશનર શ્રી જે.એન.વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.પટેલ, અધિક નિવાસી કલેક્ટર શ્રી નિશા શર્મા તથા અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત રમતગમત ક્ષેત્રે ઝળકેલી ૪૮ તેજસ્વી દીકરીઓનો સન્માન સમારોહ યોજાયો

કલેક્ટર શ્રી કે.બી. ઝવેરીએ રમતવીર કન્યાઓને બિરદાવી; મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્,મોરબી,

મોરબી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા રમતવીર દીકરીઓના કૌશલ્યને બિરદાવવા અને રમતગમત ક્ષેત્રે તેમને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને અને મોરબી મહાનગરપાલિકાના કમિશનરશ્રી સ્વપ્નિલ ખરેની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાની ૪૮ જેટલી તેજસ્વી દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં કબડ્ડી, ટેકવેન્ડો, ખો-ખો, જુડો, કરાટે અને બેડમિન્ટન જેવી વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડી કન્યાઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિચિહ્ન અને પ્રશસ્તિપત્ર આપી તેમનું વિશિષ્ટ બહુમાન કરાયું હતું. કલેક્ટરશ્રીએ આ તકે દીકરીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, મોરબીની દીકરીઓ રમતગમતના મેદાનમાં પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી રહી છે, જે સમગ્ર જિલ્લા માટે ગૌરવની બાબત છે. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ પણ દીકરીઓને રમતગમતની સાથે શિક્ષણમાં પણ ઉચ્ચ શિખરો સર કરવા માટે પ્રોત્સાહિત કરી હતી. વહીવટી તંત્રના આ હકારાત્મક અભિગમથી રમતગમત ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતી જિલ્લાની અન્ય દીકરીઓને પણ નવી પ્રેરણા મળશે. આ અવસરે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી જલ્પાબેન ત્રિવેદી, જિલ્લા રમતગમત અધિકારી શ્રી રવિભાઈ રાઠોડ, વિવિધ રમતના કોચ, વાલીઓ તેમજ દીકરીઓ ઉપસ્થિત રહી હતી.

વલસાડ જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્માના હસ્તે બે ધન્વંતરી આરોગ્ય રથ અને એક આરોગ્ય સંજીવની રથ મળી કુલ ૩ વાહનોનું લોકાર્પણ કરાયું

કમલમ્,વલસાડ,

વલસાડ જિલ્લામાં રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલા બે ધન્વંતરી આરોગ્ય રથ અને શ્રમયોગી કલ્યાણ બોર્ડનનું એક વાહન આરોગ્ય સંજીવની મળી કુલ ત્રણ વાહનનું લોકાર્પણ જિલ્લા કલેકટરશ્રી ભવ્ય વર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારશ્રીના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા હોય એવા બાંધકામ શ્રમિકોને બાંધકામના સ્થળે આરોગ્યની પ્રાથમિક સેવાઓ મળી રહે તે હેતુથી વલસાડ જિલ્લાના બાંધકામ શ્રમિકો માટે કલ્યાણકારી પગલું ભરતા વધુ બે ધન્વંતરી આરોગ્ય રથ તથા એક શ્રમયોગી આરોગ્ય સંજીવની રથ કાર્યરત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે વલસાડ જિલ્લાના ગર્વમેન્ટ લેબર ઓફિસર શ્રી નિરવ પરમાર, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના પ્રોજેક્ટ મેનેજર ભાવિકાબેન ભૂસારા, રીનલભાઈ પી.ચૌધરી, કૃતિકભાઈ એન.પટેલ, મોબાઈલ હેલ્થ યુનિટના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર પ્રવિણ ભારતભાઈ ગોલતકર અને મેડિકલ સ્ટાફ હાજર રહ્યો હતો.

સ્પીપા તાલીમાર્થી અધિકારીઓની ગુજરાત વિધાનસભા ખાતે અભ્યાસ મુલાકાત

વિધાનસભાની કાર્યપદ્ધતિની પ્રત્યક્ષ સમજ સાથે મુખ્યમંત્રીશ્રી તથા અધ્યક્ષશ્રી સાથે ફોટો સેશન

કમલમ્,

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ દ્વારા ગાંધીનગર પરિસર ખાતે ચાલી રહેલા પ્રથમ કોમન ફાઉન્ડેશન કોર્સ અંતર્ગત તાલીમાર્થી અધિકારીઓ માટે અભ્યાસના ભાગરૂપે સ્પીપાના મહાનિદેશકશ્રી હારીત શુક્લાના પ્રેરક માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓ ગુજરાત વિધાનસભા ખાતે અભ્યાસ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાતમાં અંદાજે ૫૦ જેટલા મહિલા તાલીમાર્થી અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ મુલાકાત દરમિયાન તાલીમાર્થી અધિકારીઓએ વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળનું અવલોકન કરીને રાજ્યના વિધાન પ્રક્રિયાના વ્યવહારિક પાસાઓની પ્રત્યક્ષ સમજ મેળવી હતી. ઉપરાંત, વિધાનસભાના દૈનિક કામકાજ, ચર્ચા અને નિર્ણય પ્રક્રિયા અંગે પણ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. તે તેમના પ્રશાસનિક જીવનમાં ઉપયોગી સાબિત થશે.

તાલીમાર્થી અધિકારીઓને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સાથે સમૂહ તસ્વીરનો અવસર મળ્યો હતો. આ અભ્યાસ મુલાકાત દરમિયાન તાલીમાર્થી અધિકારીઓએ મંત્રીશ્રી શ્રીમતી મનીષા વકીલ, શ્રી અર્જુન મોઢવાડીયા તથા શ્રીમતી દર્શના વાઘેલા સાથે મુલાકાત કરી અને તેમનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. મંત્રીશ્રીઓએ જાહેર સેવા ક્ષેત્રમાં જવાબદારી,

પારદર્શિતા અને લોકહિતને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. આ અભ્યાસ મુલાકાત દ્વારા તાલીમાર્થી અધિકારીઓને રાજ્યના વિધાનતંત્રની કાર્યપદ્ધતિ અંગે જે વ્યાપક અને પ્રત્યક્ષ સમજ પ્રાપ્ત થઈ છે, તે ભવિષ્યમાં તેમની પ્રશાસનિક ફરજોના નિર્વાહમાં મદદરૂપ થશે.

ગિફ્ટ સિટી એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સાકાર થયેલું સપનું છે, જે હવે સિંગાપોર જેવા વૈશ્વિક કેન્દ્રો સાથે સ્પર્ધા કરી રહ્યું છે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગિફ્ટ સિટી ખાતે આયોજિત "IFSCA ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬"ના ઉદ્ઘાટન સત્રમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કર્યું સંબોધન

નાયબ મુખ્યમંત્રીશ્રી

- ગિફ્ટ સિટી માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ લાખો યુવાનોના સપના સાકાર કરવાનું કેન્દ્ર છે
- આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ થશે
- ગુજરાત સરકાર 'વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી' મોડેલ હેઠળ કર્મચારીઓ માટે રહેણાંક સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપશે

કમલમ્,

ગિફ્ટ સિટી-ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી "IFSCA ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬"ના ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સત્ર દરમિયાન વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી. કે. મિશ્રા તેમજ ગિફ્ટ સિટીના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી ઉદય કોટક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગ જગતના અગ્રણીઓ, વિવિધ યુનિવર્સિટીના વાઈસચાન્સેલર્સ અને દેશભરમાંથી પધારેલા પ્રતિભાશાળી યુવાનોને સંબોધતા ગિફ્ટ સિટીના વિકાસ અને ભવિષ્યના વિઝનની વિસ્તૃત ભૂમિકા આપી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટ સિટીના ઈતિહાસને યાદ કરતા જણાવ્યું હતું કે, લગભગ બે દાયકા પહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ઉજ્જડ જમીન પર ઉભા રહીને આ વૈશ્વિક ફિનટેક સિટીનું સપનું જોયું હતું. તે સમયે અનેક બુદ્ધિજીવીઓએ તેને 'ડે ડ્રીમ' કહીને નકારી કાઢ્યું હતું, પરંતુ આજે ગિફ્ટ સિટીનું સ્વપ્ન સાકાર થઈને વિશ્વના નકશા પર ઉભરી આવ્યું છે. તેમણે હતું કે, ગિફ્ટ સિટી એ માત્ર એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ દેશના લાખો યુવાનોની સ્પિરિટ અને મૂલ્યોને જાળવી રાખીને તેમના સપનાઓને સાકાર કરવાનું કેન્દ્ર છે. શ્રી હર્ષ સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે સિંગાપોર, દુબઈ, લંડન અને ન્યૂયોર્ક જેવા આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરી રહ્યું છે. આ સફળતાના પાયામાં IFSCAનું યુનિફાઈડ રેગ્યુલેટરી આર્કિટેક્ચર, આકર્ષક ટેક્સ માળખું અને ભારતની ડિજિટલ નાણાકીય તાકાત રહેલી છે. તેમણે કહ્યું હતું કે, ગિફ્ટ સિટીને ન્યુ-એજ ગ્લોબલ ફાઈનાન્સિયલ સેન્ટર બનાવવા માટે હવે 'વર્લ્ડ ક્લાસ ટેલેન્ટ' ઊભું કરવાની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જેના માટે ગાંધીનગર અને અમદાવાદની IIM-અમદાવાદ, માઈકા, નિરમા અને નેશનલ લો યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ નવી વિઝનરી યુથ ફોર્સ તૈયાર થઈ રહી છે. સાથે જ, ગિફ્ટ સિટીમાં જ સ્થાપિત અન્ય દેશોની યુનિવર્સિટીઓ પણ આ કામમાં જોડાઈ છે. સરકાર સ્ટ્રક્ચર્ડ ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ ફ્રેમવર્ક દ્વારા આ યુવાનોને મહત્તમ તકો આપવા કટિબદ્ધ છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ દેશ અને રાજ્યના યુવાનોને આશ્વાસન આપ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં કામ કરવાથી તેમના માતા-પિતાનું વિદેશમાં નોકરી કરવાનું સપનું પણ અહીં જ સાકાર થશે, કારણ કે અહીં ગ્લોબલ એક્સપોઝર અને વૈશ્વિક કક્ષાનું વળતર બંને ઉપલબ્ધ છે. ગિફ્ટ સિટીમાં કામ કરતા યુવાનોની 'ઈવનિંગ લાઈફ' અને સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે, આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર 'વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી' મોડેલ પર ગંભીરતાથી કામ કરી રહી છે, જેથી કર્મચારીઓને ત્યાં જ રહેવાની શ્રેષ્ઠ સુવિધા મળી રહે. તેમણે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરતા કહ્યું કે, અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં પ્રોત્સાહનોમાં થોડો તફાવત હોઈ શકે, પરંતુ ગુજરાત જેવી રાજકીય અને નીતિગત સ્થિરતા બીજે ક્યાંય નથી. ગુજરાત સરકાર રોકાણકારોના પ્રશ્નો સાંભળવા અને તેમાં તાત્કાલિક સુધારો કરવા હંમેશા તૈયાર છે. તેમણે વિપ્રો જેવી મોટી કંપનીઓનું ગિફ્ટ સિટીમાં સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત એ તકોની ભૂમિ છે અને અહીં રોકાણ કરવા માટે આ શ્રેષ્ઠ સમય છે. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે માત્ર એક કલ્પના કે વિચાર નથી રહ્યો, પરંતુ વૈશ્વિક નાણાકીય માળખું બન્યું છે. દાયકાઓથી જે નાણાકીય પ્રવૃત્તિઓ વિદેશમાં થતી હતી, તે હવે ભારતની ધરતી પર પરત આવી રહી છે. પરિણામે ભારતની કેપિટલ માર્કેટ મજબૂત બની છે અને ભારતમાં હાઈ-વેલ્યુ રોજગારીનું સર્જન થઈ રહ્યું છે.

વડાપ્રધાનશ્રીના વિઝન મુજબ, ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને હાંસલ કરવા માટે ગિફ્ટ સિટી એક મહત્વપૂર્ણ સેતુ બનશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ડિજિટલ ઈકોનોમી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં માનવ સંસાધન સૌથી મહત્વની સંપત્તિ છે. અત્યાર સુધી ભારતના તેજસ્વી યુવાનો આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા વિદેશ સ્થળાંતર કરતા હતા, પરંતુ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં હવે ગિફ્ટ-IFSC દ્વારા ઘર આંગણે જ રોજગારીની નવી તકો ઊભી કરવામાં આવી છે, જેથી આ પ્રોફેશનલ્સ ભારતમાં રહીને જ વૈશ્વિક કક્ષાની કારકિર્દી બનાવી શકે. આ વેળાએ ગિફ્ટ સિટીના ચેરમેન શ્રી ઉદય કોટકે ગિફ્ટ સિટીને વૈશ્વિક સ્તરનું ફાઈનાન્સિયલ હબ બનાવવા માટે એક મહત્વપૂર્ણ રોડમેપ રજૂ કર્યો હતો. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને યાદ કરતા જણાવ્યું હતું કે, 'વિકસિત ભારત @ 2047'ના લક્ષ્યને હાંસલ કરવામાં ગિફ્ટ સિટી નિર્ણાયક ભૂમિકા ભજવશે. તેમણે ભૌગોલિક-રાજકીય સ્થિરતા, વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ, ઈઝ ઓફ લિવિંગ અને IFSCAના સ્વતંત્ર નિયમનકારી માળખાને ગિફ્ટ સિટીની સફળતાના મુખ્ય સ્તંભો ગણાવ્યા હતા. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બદલાતા કૌશલ્યોના યુગમાં ટેલેન્ટના મહત્વ પર ભાર મૂકતા તેમણે ગિફ્ટ સિટીને પરિવર્તન અને ઈનોવેશન માટેની પ્રયોગશાળા ગણાવી હતી. ભારત સરકાર, ગુજરાત સરકાર અને રેગ્યુલેટર વચ્ચેના 'વન ટીમ, વન ડ્રીમ'ના સમન્વય સાથે ગિફ્ટ સિટીને વિશ્વના શ્રેષ્ઠ નાણાકીય કેન્દ્રોની હરોળમાં લાવવાની મક્કમ પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય કૌલ, ગિફ્ટ IFSCAના ચેરપર્સન શ્રી કે. રાજારામન તથા વિપ્રોના એક્ઝિક્યુટિવ ચેરમેન શ્રી રિશદ પ્રેમજીએ પણ પ્રાસંગિક ઉદબોધન કરીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમના પ્રારંભે IFSCAના એક્ઝેક્યુટિવ ડિરેક્ટર શ્રી દીપેશ શાહે સૌનું શાબ્દિક સ્વાગત કરીને ગિફ્ટ સિટી તથા IFSCA ની વિસ્તૃત ભૂમિકા આપી હતી. જ્યારે, ANSRના ફાઉન્ડર અને સીઈઓ શ્રી લલિત આહુજાએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

ઇફ્કો ટોકિયો ના અધ્યક્ષ બન્યા બાદ શ્રી દિલીપ સંઘાણીની પ્રથમ ઇફ્કો ટોકિયો ઓફીસની મુલાકાત

ઇફ્કો ટોકિયો ના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ શ્રી દિલીપ સંઘાણીના પ્રથમ મુખ્યાલય આગમન પર ઇફ્કો ટોકિયો પરિવાર દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું

દિલીપ સંઘાણીએ ઇફ્કો ટોકિયોના વરિષ્ઠ અધિકારીઓ સાથે વન-ટુ-વન બેઠક યોજી વિવિધ કાર્યોની વિગતવાર સમીક્ષા કરી

શ્રી દિલીપ સંઘાણી નું ઇફ્કોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. જે. પટેલ, ઇફ્કો ટોકિયોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુબ્રતો મોંડલ, ઇફ્કોના નિર્દેશક (માનવ સંસાધન અને કાનૂન) શ્રી રમેશકુમાર સહિત અધિકારીઓ અને કર્મચારીઓએ તેમનું હાર્દિક અભિવાદન કર્યું

દિલીપ સંઘાણીએ સંસ્થાની કાર્યપ્રણાલી, પડકારો અને શક્યતાઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી

કમલમ્,

શ્રી સંઘાણીએ કાર્યક્ષમતામાં વધારો, ગ્રાહક સેવા વધુ મજબૂત બનાવવી અને ટેક્નોલોજી આધારિત નવીનતાઓ અપનાવવા પર ખાસ ભાર મૂક્યો. બાદમાં તેમણે કર્મચારીઓ સાથે સંવાદ કરતા ઈફ્કો ટોકિયોની પ્રગતિ, કાર્યશૈલી અને ભવિષ્યની યોજનાઓ અંગે વિગતવાર વિચારવિમર્શ કર્યો. તેમણે કર્મચારીઓના સૂચનોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યા અને સંસ્થાની સતત પ્રગતિ માટે તે અનિવાર્ય હોવાનું જણાવ્યું.

તેમણે કહ્યું કે ઈફ્કો ટોકિયોની સફળતાનું મૂળ આધાર તેના કર્મચારીઓ છે. તેમની પ્રતિબદ્ધતા, ઈમાનદારી અને સમર્પણ સંસ્થાને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડે છે. તેમણે ટીમવર્ક, પારદર્શિતા અને સકારાત્મક દ્રષ્ટિકોણ સાથે કાર્ય કરવાની અપીલ કરી. તેમણે વધુમાં જણાવ્યું કે બદલાતા સમય અને વધતી સ્પર્ધાના યુગમાં નવીનતા, ડિજિટલ સશક્તિકરણ અને ગ્રાહક કેન્દ્રિત અભિગમ અપનાવવો અત્યંત જરૂરી છે, જેથી કંપની પોતાની સેવાઓને વધુ અસરકારક અને વિશ્વસનીય બનાવી શકે. આ મુલાકાત થી કર્મચારીઓમાં ઉત્સાહ અને સકારાત્મક ઊર્જાનો માહોલ જોવા મળ્યો? કર્મચારીઓએ અધ્યક્ષના માર્ગદર્શનને પ્રેરણાદાયક ગણાવી સંસ્થાની પ્રગતિમાં પોતાનું સંપૂર્ણ યોગદાન આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

કાર્યક્રમના અંતે તમામે મળીને સંસ્થાની સતત પ્રગતિ અને સફળતા માટે સંકલ્પ લીધો. આ મુલાકાત સંસ્થાને માટે પ્રેરણાદાયક, ઉત્સાહવર્ધક અને માર્ગદર્શક સાબિત થઈ. ઈફ્કો ટોકિયોના અધિકારીઓએ બેઠકના અંતે જણાવ્યું કે તેમની કારકિર્દીમાં આ પ્રકારે સંસ્થાના અધ્યક્ષ એક પછી એક અધિકારી / કર્મચારી સાથે બેઠક કરે તે પ્રતહંવાર જોયું, જાણ્યું અને સૌએ ખુશી વ્યક્ત કરી. ઈફ્કોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.જે. પટેલ, ઈફ્કો ટોકિયોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુબ્રતો મોંડલ, ઈફ્કોના નિર્દેશક (માનવ સંસાધન અને કાનૂન) શ્રી રમેશકુમાર તથા ઈફ્કો ટોકિયોના ડિરેક્ટર શ્રી તાતસૂયા ફુજીમોતો સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

અમદાવાદમાં 'હેન્ડલૂમ એક્સપો ૨૦૨૬'નું રાજયમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરના હસ્તે ઉદ્ઘાટન

હસ્તકલા અને વણાટકામ એ આર્થિક પ્રવૃત્તિથી વિશેષ, ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતનું અનોખું પ્રતીકઃ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર

કમલમ્,

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા આયોજિત 'હેન્ડલૂમ એક્સપો ૨૦૨૬'નો ઉદ્ઘાટન સમારોહ ગુજરાત સરકારના કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી સરદારજી ઠાકોરની ગરિમામય ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક યોજાઈ ગયો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતના ગ્રામીણ કસબીઓ અને નાના ઉદ્યોગકારો પાયાની ભૂમિકા ભજવી રહ્યા છે. ખાદી અને કુટીર ઉદ્યોગો એ માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી, પરંતુ આપણી ભવ્ય પરંપરા અને સંસ્કૃતિનો અવિભાજ્ય હિસ્સો છે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી કલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચાડવા કટિબદ્ધ છે. ખાસ કરીને માનવ કલ્યાણ યોજના અને સ્વરોજગારના વિવિધ પ્રોજેક્ટ્સ થકી ગ્રામીણ યુવાનો અને બહેનોને પોતાના ગામમાં જ સન્માનજનક આજીવિકા મળે અને ગુજરાતનો હસ્તકલા વારસો વૈશ્વિક સ્તરે ચમકે તે દિશામાં સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. મંત્રીશ્રીએ પ્રદર્શનની મુલાકાત લઈ વણકરો દ્વારા તૈયાર કરવામાં આવેલી અદભૂત કૃતિઓને નિહાળી હતી અને તેમની કલાની વિશેષ પ્રશંસા કરી હતી. વણકર સેવા કેન્દ્ર, અમદાવાદ દ્વારા આયોજિત આ એક્સપોમાં દેશભરના કુશળ કારીગરો ભાગ લઈ રહ્યા છે, જેમાં કુલ ૪૪ સ્ટોલ કાર્યરત છે. આ પ્રદર્શન આગામી તા. ૨૪ માર્ચ ૨૦૨૬ સુધી સાબરમતી રિવરફ્રન્ટ, એલિસબ્રિજ ખાતે ચાલુ રહેશે.

આયોજકો દ્વારા શહેરના કલાપ્રેમી નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ પ્રદર્શનની મુલાકાત લઈ દેશના પરંપરાગત વણાટકામ અને હસ્તકલાના વારસાને જીવંત રાખવામાં સહભાગી બને. આ ગરિમામય ઉદ્ઘાટન પ્રસંગે ખાસ અતિથિ તરીકે ઈન્ડસ્ટ્રિયલ એક્સ્ટેંશન કોટેજ, ગાંધીનગરના કાર્યકારી નિયામક ડૉ. એસ. જે. જોશી (IAS), નાયબ નિયામક શ્રી મનોજ કુમાર અને 'ટાંગલિયા' હસ્તકળા માટે પદ્મશ્રી મેળવનાર શ્રી લવજીભાઈ નાજભાઈ પરમાર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028